**રાજ્ય સેવા, પંચાયત સેવા કે રાજ્યના જાહેર સાહસોમાં નોકરી કરતાં દંપતીને શક્ય હોય તેવા કેસમાં એક જ સ્થળે/નજીકના સ્થળે રાખવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: ટીઆરએફ/૧૦૨૦૨૧/૪૩૬૭૪૭/ગ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૧૬/૧૦/૨૦૨૧

**વંચાણે લીધા :** -

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૧૧/૦૫ના ઠરાવ ક્રમાંક. ટીઆરએફ -૧૦૯૮-૧૪૩૨-ગ-૨
(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧૨/૧૬ના ઠરાવ ક્રમાંક. ટીઆરએફ -૧૦૨૦૧૬-૩૯૯૦૩૮-ગ-૨
(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૭/૨૦૧૭ના પરિ.ક્રમાંક.એમઆઇએસ-૧૦૨૦૧૫-૫૫૬૧૯૫-ગ-૫

**આમુખ**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૧) સામેના તા.૨૫/૧૧/ ૨૦૦૫ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૧ ના ફકરા નં.૮(૨)માં જોગવાઇ કરવામાં આવી છે કે, "જે કેસોમાં પતિ કે પત્ની રાજ્ય સેવા, પંચાયત સેવા કે રાજ્યના કોઇ જાહેર સાહસોમાં નોકરી કરતાં હોય તે કેસોમાં શક્ય હોય ત્યાં સુધી બંનેને એક જ સ્થળે રાખવા કોશિષ કરવી. જે સ્થળે પતિ કે પત્ની હોય તે જ સ્થળે પતિને કે પત્નીને ચાલુ રાખવા કે કોઇ એક સ્થળે બંનેને નિયુક્તિ આપવાની માંગણીઓ સક્ષમ કક્ષાએ સહાનુભૂતિપૂર્વક વિચારવી. આવી વિચારણાની પ્રક્રિયા દરમિયાન સક્ષમ સત્તાએ જાહેર હિત, વહીવટી જરૂરિયાતો અને કામના હિતને પ્રાધાન્ય આપવાનું રહેશે."

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૨) સામેના ઠરાવથી તેમજ ક્રમાંક-(૩) સામેના પરિપત્રથી દિવ્યાંગ કર્મચારી તેમજ કરાર આધારે ફિક્સપગારથી નિમણૂક મેળવનાર મહિલા કર્મચારીએ ઓછામાં ઓછા એક વર્ષની સેવા બજાવી હોય અને પુરુષ કર્મચારીએ ઓછામાં ઓછા બે વર્ષની સેવા બજાવી હોય અને આવા ઉમેદવારો જો બદલી માટે અરજી કરે ત્યારે આવી અરજીઓ ઉપર વિચારણા કરી બદલી કરી શકાશે તેવી જોગવાઇ કરવામાં આવી છે.

આમ, નિયમિત તેમજ ફિક્સપગારે નિયમિત ભરતી પ્રક્રિયાથી નિમણૂક પામેલ કર્મચારીઓ તેમજ દિવ્યાંગ કર્મચારીઓની બદલી માટે સામાન્ય વહીવટ વિભાગની ઉપર મુજબની સૂચનાઓ અમલમાં હોવા છતાં કેટલાક વિભાગો દ્વારા આવા કર્મચારીઓના કિસ્સામાં પાંચ વર્ષની સેવા પૂર્ણ ન થાય તે પહેલાં બદલી/જિલ્લા ફેરબદલી નહીં કરવાની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, જે સામાન્ય વહીવટ વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ સાથે સુસંગત નથી. આથી, આ બાબતે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**પરિપત્ર :**

ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ જાહેર હિત, વહીવટી જરૂરિયાતો તથા કામના હિતને પ્રાધાન્ય આપીને શક્ય હોય ત્યાં સુધી પતિ પત્નીને એક જ સ્થળે રાખવા અંગેના તેમજ દિવ્યાંગોની બદલી અંગેના માર્ગદર્શક સિદ્ધાંતોનું સર્વે વિભાગોએ પાલન કરવાનું રહેશે. સચિવાલયના વિભાગો /ખાતાના વડાઓ દ્વારા આ માર્ગદર્શક સૂચનાઓ સાથે સુસંગત ન હોય તેવી કોઇ સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય તો તેને સામાન્ય વહીવટ વિભાગની પ્રવર્તનમાન સૂચનાઓ સમકક્ષ કરવા માટે સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં જરૂરી જસ્ટીફીકેશન સાથે સત્વરે સમીક્ષા કરવાની રહેશે. સમીક્ષા કરતી વખતે જાહેર હિત, વિભાગની વહીવટી જરૂરિયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવાનું રહેશે.

૨.	રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની નોકરી મોટેભાગે બિન-બદલીપાત્ર હોય છે. આવા સંજોગોમાં પતિ કે પત્ની, જો રાજ્ય કે પંચાયત સેવામાં ફરજ બજાવતા હોય તો તેમને બદલીથી અથવા સમકક્ષ જગ્યા ઉપર પ્રતિનિયુક્તિથી એક જ સ્થળે/નજીકના સ્થળે નિમણૂક આપવાની વિચારણા કરવાની રહેશે. આ પ્રકારે બદલી/પ્રતિનિયુક્તિથી નિમણૂક કરતા પહેલાં સક્ષમ સત્તાધિકારીએ જાહેર હિત, વહીવટી જરૂરિયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવાનું રહેશે.

૩.	સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૨) સામેના ઠરાવથી નિયમિત ભરતી પ્રક્રિયાથી કરાર આધારે ફિક્સપગારથી નિમણૂક મેળવનાર મહિલા કર્મચારીએ ઓછામાં ઓછા એક વર્ષની સેવા બજાવી હોય અને પુરુષ કર્મચારીએ ઓછામાં ઓછા બે વર્ષની સેવા બજાવી હોય ત્યારે બદલી કરી શકાય તેવી જોગવાઇ છે. પરંતુ, જો પતિ-પત્નિને એક જ સ્થળે/નજીકના સ્થળે રાખી શકાય તેમ હોય તેવા કિસ્સામાં પુરુષ કર્મચારીએ એક વર્ષની સેવા બજાવી હોય તો પણ એક વર્ષ બાદ તેમની બદલી/જિલ્લા ફેર બદલી કરી શકશે.

૪.	વિભાગે આવી બદલીઓ પારદર્શક અને સમયબધ્ધ રીતે થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૫.	ઉક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા માટે સચિવાલયના તમામ વિભાગો અને તેની હેઠળના તમામ ખાતાના વડાઓ / કચેરીઓને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુશીલ વ્યાસ)
ઉપ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- * રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- * સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ. (વિભાગ હસ્તકના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ

*પત્ર દ્વારા